ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૮/૨૦-૨૧/ 768 તારીખ : 03 MAR 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી અબજ ફુડસ પ્રા.લી.**
(મહાવીરસિંહ વાઘેલા)
**૫૫, રાધે ઉપવન સોસાયટી,**
**જોગણી માતાના મંદિર પાસે,**
**મુ.સાણંદ,**
**જી.અમદાવાદ.**

**મો.નં.૯૯૨૫૬ ૭૮૨૮૨.**

કેસ નં.૮૮/૨૦-૨૧

**વિષય : વિજ કનેકશન શરૂ કરી ડિપોઝીટ પરત કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૨/૦૨/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૫/૦૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૮/૨૦-૨૧/૪૬૮ તા.૦૬/૦૨/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૮/૨૦-૨૧/૪૯૯ તા.૦૮/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૮૮/૨૦–૨૧**

વાદી :– **મે.અબજ ફુડસ પ્રાઈવેટ લીમીટેડ,**

◈ **વિરુધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૮/૦૨/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી મહાવીરસિંહ કે વાઘેલા – (વાદી ના ડાયરેકટર)**

પ્રતિવાદી :– **શ્રી જી.સી.વડગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.અબજ ફુડસ પ્રાઈવેટ લીમીટેડ, મું.સાણંદ, જી.અમદાવાદ ની વિજ કનેકશન શરૂ કરી ડિપોઝીટ પરત કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૮/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૮/૨૦–૨૧/૪૬૮ તા.૦૬/૦૨/૨૦૨૧ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૦૨/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.અબજ ફુડસ પ્રાઈવેટ લીમીટેડ વતી તેમના ડાયરેકટરશ્રી મહાવીરસિંહ કે વાઘેલા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જી.સી.વડગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો દ્વારા તા.૨૭/૧૨/૨૦૧૯ ના રોજ સીકયોરીટી ડિપોઝીટ પરત મેળવવા માટે આપની ધ્રાંગધ્રા કચેરી ખાતે અરજી કરેલ તેમજ સુરેન્દ્રનગર અધિક્ષક ઈજનેરશ્રી ને રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરેલ. પરંતુ, તેઓ દ્વારા ભાવનગર કચેરી ખાતે મંજૂરીમાં ગયેલ છે, તેવો પ્રત્યુતર આપેલ.

૧.૨ તો, આપ સાહેબ ને અમારી ડિપોઝીટ પરત કરવા માટે યોગ્ય કરવા રજૂઆત કરવામાં આવે છે. તેમજ વધુમાં જણાવવાનું કે, અમોને સીકયોરીટી ડિપોઝીટ પરત કરવા માટે વારંવાર ધક્કા ખવડાવવામાં આવે છે. તેમજ યોગ્ય પ્રત્યુતર મળેલ નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વધુમાં જણાવવાનું કે, ભૂતકાળમાં પાવર ચોરી નું બિલ અમોને આપેલ છે. જે અમોએ દંડ સહિત પાટડી કચેરી ખાતે ભરી દીધેલ છે. અને આજે ૧૪ મહિના નો સમય વિત્યા પછી પણ ફેક્ટરીમાં રાત્રિ દરમિયાન કેબલ વાયર તથા મેટરની ચોરી થયેલ છે. જેમાં અમોને આર્થિક નુકશાન થયેલ છે. તે સત્વરે આપ સાહેબ ને વિનંતી કે, અમોને તાત્કાલીક અસરથી રૂબરૂ મુલાકાત માટે બોલાવી રજૂઆત સાંભળી યોગ્ય નિર્ણય આપવા આપ સાહેબ ને વિનંતી.

૧.૪ નોંધ– અમોને અને પીજીવીસીએલ ને હાલમાં આર્થિક નુકશાન થતું હોય નજીકની તારીખ આપી ઝડપી નિકાલ કરવા વિનંતી.

☞ <u>**પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**</u>

૨.૧ અબજ ફુડસ પ્રાઈવેટ લીમીટેડ ના ડાયરેકટરશ્રી મહાવીરસિંહ કરણસિંહ વાઘેલા ની ફરીયાદ અરજી નં–૪૨/૨૦૨૧ અંગે વિગત આ મુજબ છે.

મે. અબજ ફુડસ પ્રાઈવેટ લીમીટેડ દ્વારા કાચોલીયા, તા.પાટડી મુકામે એચ.ટી.કનેકશન માંગેલ હતું. જેમાં તા.૪/૧૦/૨૦૧૮ ના રોજ ની કોર્પોરેટ ચેકીંગ ડ્રાઈવ માં ૧૧ કે.વી.માં માત્ર ૨ ફેઈઝ ને હુકડા દ્વારા ડાયરેકટ જમ્પર સાથે જોડવામાં આવતા ચેકીંગ શીટ નં–૧૯૭૬૨ ભરવામાં આવેલ અને આ બાબતે ટેકનીકલ પેરામીટર તેમજ ચેકીંગ શીટ મુજબ ની વિગત સાથે તેમજ ચેકીંગ દરમિયાનના જોડાણ ફોટા સાથે રૂબરૂ તત્કાલીન અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ની મુલાકાત દરમિયાન તેમનો અભિપ્રાય લઈ તેમજ Whatsapp દ્વારા તત્કાલીન મુખ્ય ઈજનેરશ્રી, ભાવનગર સાથે ચર્ચા કરી આ અંગે અભિપ્રાય લેવામાં આવેલ તેમજ તત્કાલીન મુખ્ય ઈજનેર સાહેબશ્રી, ભાવનગર ને સદર બાબત અંગે માર્ગદર્શન લઈ તત્કાલીન અધિક્ષક ઈજનેરશ્રી ની સૂચના મુજબ સદર તમામ ટેકનીકલ પેરામીટર ધ્યાને લેતા, ગ્રાહકને નોન કન્ઝયુમર લાઈટીંગ તરીકે બિલ ઈસ્યુ કરવામાં આવેલ. ગેટ પાસ નં–૧૬૩૩ તા.૪/૧૦/૨૦૧૮ થી ગ્રાહકના સ્થળ ઉપરથી મીટર અને સીટીપીટી યુનિટ ઉતારી લેવામાં આવેલ. સદર મીટર નું તા.૨૬/૧૦/૨૦૧૮ ના રોજ ગ્રાહકની ઉપસ્થિતિમાં લેબ પરીક્ષણ કરવામાં આવેલ. જેમાં, મીટરમાં કોઈપણ ક્ષતિ માલૂમ પડેલ નથી. ગ્રાહક દ્વારા તા.૧/૩/૨૦૧૮ ના રોજ વિજ જોડાણ ડિસ કનેકશન થયા બાદ લાંબા સમય સુધી રીકનેકશન કરાવવામાં આવેલ નથી.ગ્રાહકને આઉટવર્ડ નં–૪૧૫૧ તા.૨૫/૦૭/૨૦૧૯ ના રોજ આખરી નોટીસ આપવામાં આવેલ.તેમ છતાં, ગ્રાહક દ્વારા રીકનેકશન માટેની કાર્યવાહી કરવામાં આવેલ નહી.ઉપરોકત ચેકીંગ નું વિજ બિલ રૂા.૩૦૭૦૮૬/– + રૂા.૧૪૦૦૦/– કમ્પાઉન્ડીંગ ચાર્જ = કુલ રૂા.૩,૨૧,૦૮૬/– આપવામાં આવેલ.જેની સામે બિલ પેટે રસીદ નં–૨૫૫૧૮૬ તા.૨૪/૨/૨૦૨૦ અને કમ્પાઉન્ડીંગ ચાર્જ પેટે રસીદ નં–૨૫૫૫૧૮૭ તા.૨૪/૨/૨૦૨૦ થી ભરપાઈ કરેલ.

૨.૨ એગ્રીમેન્ટ તા.૧૫/૭/૨૦૧૯ ના રોજ પૂર્ણ થતા, પીડીસી માટે ઉપલી કચેરી ની મંજૂરી માટે અત્રેની કચેરીના પત્ર નં–૪૫૯૦ તા.૨૧/૮/૨૦૧૯ થી મોકલવામાં આવેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

જેની સામે અત્રેની કચેરીના પત્ર નં–૫૮૯૬ તા.૨૫/૧૦/૨૦૧૯ થી અબજ ફુડસ પ્રા.લી. ને એગ્રીમેન્ટ ટર્મીનેશન માટેની નોટીસ આપવામાં આવેલ. સદર કનેકશન પીડીસી કરવા માટેની મંજૂર વર્તુળ કચેરીના પત્ર નં–એસએનસી/રેવ./૭૨૪૯ તા.૨૨/૧૦/૨૦૧૯ થી મળેલ.

૨.૩ વધુમાં, ગ્રાહક તરફથી તા.૨૭/૧૨/૨૦૧૯ ના રોજ એસડી રીફંડ અંગેની અરજી મળેલ. જે અત્રેની કચેરીના પત્ર નં–૧૩૬૪ તા.૧૧/૩/૨૦૨૦ થી એસ.ડી.રીફંડ અંગેની દરખાસ્ત વર્તુળ કચેરીને મોકલવામાં આવેલ. જેમાં, ક્ષતિ પૂર્તી માટે વર્તુળ કચેરી ના પત્ર નં–૨૦૪૫ તા.૨૭/૪/૨૦૨૦ થી પરત આવેલ. જે ક્ષતિ પૂર્તિ કરી પત્ર નં–૨૦૯૩ તા.૪/૫/૨૦૨૦ થી વર્તુળ કચેરી ને મોકલેલ. ફરી વર્તુળ કચેરી તરફથી પત્ર નં–૨૨૮૪ તા.૧૩/૫/૨૦૨૦ થી ક્ષતિ પૂર્તી માટે પરત આવેલ, જે ફરી અત્રેની કચેરી ના પત્ર નં–૨૨૩૨ તા.૧૪/૫/૨૦૨૦ ના રોજ મોકલવામાં આવેલ. સદર દરખાસ્ત બિલ રીવાઈઝડ માટે પેન્ડીંગ હોય, નિર્ણય માં પડેલ હોય તે આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરી શકાય અને તે જ પ્રીમાઈસ માં ફરી વિજ કનેકશન આપવા માટે નિર્ણય કરી શકાય.

આ સાથે જરૂરી દસ્તાવેજો ની નકલ આ સાથે સામેલ છે. તેમજ સદર કેસની શોર્ટ હિસ્ટ્રીની નકલ સામેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મે.અબજ ફુડસ પ્રા.લી., ગામ–કાચોલીયા, તા.પાટડી માં 625 KVA નું HT વિજ જોડાણ ગ્રાહક નં–17571 થી ધરાવતા હતા. વાદીનું વિજ જોડાણ પ્રતિવાદી દ્વારા તા.૧૫/૭/૨૦૧૭ ના રોજ ચાલુ કરવામાં આવેલ.

૩.૨ વાદીએ તેના 625 KVA ના HT વિજ જોડાણ માટે સીક્યોરીટી ડિપોઝીટ ની રકમ રૂા.૨,૯૪,૫૮૭/૧૨ ભરપાઈ કરી આપેલ.

૩.૩ પ્રતિવાદી દ્વારા વાદીને આપવામાં આવેલ વિજ ચેકીંગ ના બિલ વાદીએ ભરપાઈ કરી આપેલ. ત્યારબાદ, તા.૧૫/૭/૨૦૧૯ ના રોજ વાદી અને પ્રતિવાદી વચ્ચે ના કરારનામા નો બે વર્ષ નો સમય પૂર્ણ થવાથી પ્રતિવાદી એ વાદીનું કનેકશન કાયમી ધોરણે રદ કરવા માટેની જરૂરી મંજૂરી તા.૨૨/૧૦/૨૦૧૯ થી મેળવી અને વાદીનું વિજ જોડાણ કાયમી ધોરણે રદ કરી અને તા.૪/૧૦/૨૦૧૮ ના રોજ વાદીના વિજ સ્થાપન ના સ્થળ પરથી મીટર, CTPT વિગેરે ઉતારી લઈ વિજ જોડાણ કાયમી ધોરણે રદ કરેલ.

૩.૪ વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓએ ભરેલ ડિપોઝીટ ની રકમ પરત આપવી.

૩.૫ પ્રતિવાદીએ આજરોજ સુનાવણી દરમિયાન રજૂ કરેલ દસ્તાવેજી આધાર મુજબ પ્રતિવાદીએ સુરેન્દ્રનગર ગ્રાહક તકરાર નિવારણ કમિશન (કન્ઝ્યુમર કોર્ટ) માં પ્રતિવાદીની ઓફીસ માં ગ્રાહક ફરીયાદ અરજી નં–૪૨/૨૦૨૧ થી તા.૨૨/૦૧/૨૦૨૧ ના રોજ ફરીયાદ કરેલ છે. પ્રતિવાદીએ રજૂ કરેલ રજૂઆત મુજબ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સુરેન્દ્રનગર જીલ્લાની ફરીયાદ ની વિગતો તેમજ અત્રે ફોરમને કરેલ રજૂઆત ની વિગતો અને તકરાર સરખી છે. આથી, GERCના નોટીફીકેશન–૨/૧૯ના કલોઝનં–૨.૩૩(૧) મુજબ "વાદીની તકરાર ની બાબત તેમજ વાદીની ફરીયાદ પ્રતિવાદી સામે ગ્રાહક તકરાર નિવારણ કમીશનમાં પડતર હોઈ, ફોરમ સામે રજૂ કરાયેલ તકરારનો કોઈ નિર્ણય કરવાનો રહેતો નથી." આથી, ફોરમ તરફથી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## —:: હુકમ ::—

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ:— ૧૮/૦૨/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.